**GUJARAT INTRUX LIMITED**
STEEL AND ALLOY STEEL
CASTING MANUFACTURERS

GIL/SEC/JAN/027/2020-21

30th JAN, 2021

To,
**BOMBAY STOCK EXCHANGE LTD.**
25th FLOOR, P. J. TOWER
DALAL STREET,
MUMBAI-400 001.

**SUB.: PUBLICATION OF FINANCIAL RESULTS IN NEWSPAPER**

**Dear Sir/Madam,**

With reference to above subject, we enclosed herewith 1 copy of Newspapers Cutting of Financial Results published in the following Newspaper.

(1) The Economic Times English language (Ahmadabad Edition)
Dated 30th Jan, 2021 Saturday, Page No. 6 in which results is published.

(2) Nav Gujarat Samay Gujarati language (Ahmadabad Edition)
Dated 30th Jan, 2021 Saturday, Page No.8 in which results is published.

Kindly take the same in your record.

Thank you

Yours sincerely,
For **Gujarat Intrux Limited**

GUJARAT INTRUX LIMITED SHAPAR

**Sanjay J. Vagadia**
Chief Financial Officer

Encl.: As above

CIN No. L27100GJ1992PLC016917
REGD. OFFICE & WORKS :
Survey No. 84/P,
17 Km. Rajkot-Gondal Road,
Village Shapar. Pin-360 024.
RAJKOT (INDIA)

Phone : +91 - 2827 - 252851 / 52 / 53
Fax : +91 - 2827 - 252854
e-mail : info@intricastindia.com,
info@gujaratintrux.com
Website : www.intricastindia.com
www.gujaratintrux.com

TUV NORD ISO 9001 TUV NORD ISO 14001 TUV NORD ISO 45001




**L&Tએ બુલેટ ટ્રેનનો ₹2500 કરોડ સુધીનો ઓર્ડર**

એલ એન્ડ ટીને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે વધુ એક ₹2500 કરોડ સુધીનો ઓર્ડર મળ્યો છે. 28 બ્રિજને લગતી કામગીરી માટે આ ઓર્ડર મળ્યો છે.


# BUSINESS સમય


**IIFL ફાઈનાન્સનો પ્રોફિટ વધ્યો, શેરમાં ઉપલી સર્કિટ**

આઈઆઈએફએલ ફાઈનાન્સનો ડિસેમ્બર ક્વાર્ટરનો નેટ પ્રોફિટ 47 ટકા વધીને ₹268 ટકા થયો હતો. પરિણામ બાદ શેરમાં 20 ટકાની ઉપલી સર્કિટ લાગી હતી.





## બિઝનેસ ન્યૂઝ

### શેરબજારમાં 14 ટકા રિટર્નની અપેક્ષાઃ કેપિટલવાયા

**અમદાવાદઃ** શેરબજારમાં આ વર્ષે 14% રિટર્નની અપેક્ષા છે. માર્કેટ બજેટને પગલે કોન્સોલિડેટેડ થશે અને ત્યારબાદ કોર્પોરેટ કામગીરી સહિતના કારણો બજાર માટે પોઝિટીવ બનશે. ઓટોમોબાઇલ, આઇટી અને બેન્કિંગ ઉદ્યોગ રોકાણલક્ષી રહેશે એમ કેપિટલવાયાના સૂત્રોનું કહેવું હતું. દરમિયાન કેપિટલ વાયા ગ્રાહક પોર્ટલ "કેપિટલવાયા" એપ્લિકેશન રજૂ કરીને રોકાણ સલાહકાર સ્પેસમાં સુધારો કરવા માટે એક પગલું ભરી રહી છે જે રિયલ ટાઇમ સલાહ પ્રદાન કરીને અને મોબાઇલ એપ્લિકેશન દ્વારા ફરિયાદનું નિરાકરણ કરી આપે છે.

### ફ્યુચર જનરલી ઇન્ડિયાનો લાઇફટાઇમ પાર્ટનર પ્લાન

**મુંબઈઃ** ફ્યુચર જનરલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડે નવીનતમ ઓફરિંગ ફ્યુચર જનરલી લાઇફટાઇમ પાર્ટનર પ્લાન લોંચ કર્યો હતો. આ પ્રોડક્ટની મુખ્ય વિશેષતાઓમાં ગ્રાહકોની જરૂરિયાતને આધારે પસંદગી માટે બે વિકલ્પો-તાત્કાલિક આક અને વિલંબિત આક ઉપરાંત 100 વર્ષની ઉંમર સુધી આજીવન કવર તથા જીવનની અનિશ્ચિતતાઓ સામે તમારા પરિવારના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત રાખો, આવક મેળવવા ફ્લેક્સિબિલિટી, પ્રવર્તમાન ટેક્સ નિયમો મૂજબ ટેક્સ લાભોનો સમાવેશ થાય છે.

### નંદની ક્રિએશન એનએસઈના મેઇન બોર્ડમાં લિસ્ટેડ થશે

**મુંબઈઃ** એનએસઈ ઇમર્જ પર સૂચિબદ્ધ નંદની ક્રિએશન મેઇન બોર્ડમાં લિસ્ટેડ થવાની યોજના ધરાવે છે. કંપનીએ જૂન 2020માં લોકડાઉન અને પ્રતિબંધો હોવા છતાં ₹7.37 કરોડનું કામકાજ કર્યું હતું. આ સિવાય પાછલા નાણાકીય વર્ષમાં ₹43.7 કરોડનો વેપાર કર્યો અને આગળ વધતા કંપની 2023 સુધી ₹100 કરોડનો વ્યવસાય કરવા ઇચ્છે છે. આ માટે કંપનીએ રાજસ્થાન અને દિલ્હીમાં સ્ટોર સ્થાપિત કરવાની યોજના બનાવી છે. કંપની 2023 સુધી 15-20 સ્ટોર સ્થાપિત કરવાની યોજના બનાવી રહી છે.

### ઇમેટ્રિક્સમાઇલ ઇન્ડિયાની હીરો ઇલેક્ટ્રીક સાથે ભાગીદારી

**મુંબઈઃ** શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના રહેવાસીઓને સરળ, શેરેબલ, ટકાઉ અને ઓન-ડિમાન્ડ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે મુંબઇ સ્થિત ઇમેટ્રિક્સમાઇલ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ હીરો ઇલેક્ટ્રીક સાથેની વ્યૂહાત્મક ભાગીદારીમાં તથા AMDABIKE PBS POLICY 2.0 અંતર્ગત એએમસી અને સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડ (SCADL) ના સહયોગથી ઓલ ઇલેક્ટ્રીક "QYK" સ્કૂટર્સ રજૂ કરશે. આ પાઇલોટ પ્રોજેક્ટ દ્વારા શહેરના પૂર્વ અન પશ્ચિમ વિસ્તારોના વિવિધ સ્થળો ઉપર આશરે 1000 ઇલેક્ટ્રિક QYK સ્કૂટર્સ મૂકવામાં આવશે.

### ઓરિફ્લેમની કુદરતી બેબી કેર ઉત્પાદનોની શ્રેણી

**નવી દિલ્હીઃ** સ્વીડિશ બ્યુટી બ્રાન્ડ ઓરિફ્લેમે 95% કુદરતી બેબી કેર ઉત્પાદનોની શ્રેણી ભારતમાં લોન્ચ કરી હતી. બેબી ઓ' ઓરિફ્લેમનું બેબી કેર શ્રેણીનું પ્રથમ ઉત્પાદન છે. આ ઉત્પાદનોની શ્રેણીમાં હેર અને બોડી વૉશ, બૉડી ઓઇલ, બમબમ ક્લીન્સિંગ મિલ્ક અને મલ્ટીપર્પઝ બામનો સમાવેશ થાય છે. દરેક ઉત્પાદનની રચનાને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત સ્કિન હેલ્થ અલાયન્સના પ્રતિષ્ઠિત બાળરોગ નિષ્ણાતોનું સમર્થન પ્રાપ્ત થયેલ છે. આ તમામ ઉત્પાદનો પેરબેન્સ, ફેનોક્સાઈથેનોલ અને ફોર્માલ્ડીહાઇડ રિલીઝર્સનો ઉપયોગ કર્યા વગર તૈયાર કર્યા છે.

બજેટ અગાઉ ગભરાટ સાથે વેચવાલી, એફઆઈઆઈએ શુક્રવારે ₹5931 કરોડની જંગી વેચવાલી કરી

# સેન્સેક્સમાં આઠ મહિનાનો સૌથી મોટો 2593 પોઈન્ટનો સાપ્તાહિક ઘટાડો

**નવગુજરાત સમય** > અમદાવાદ

વૈશ્વિક બજારોમાં નરમાઈ વચ્ચે સ્થાનિક બજારમાં બજેટ અગાઉ ભારે ગભરાટનો માહોલ છવાઈ ગયો હતો અને સતત છઠ્ઠા દિવસે બજાર ઘટ્યું હતું. ઈકોનોમિક સર્વે પણ બજારનું સેન્ટિમેન્ટ સુધારી શક્યું ન હતું. એફઆઈઆઈએ પણ વેચવાલી આગળ ધપાવી હતી. બીએસઈ સેન્સેક્સ વધુ 588.59 પોઈન્ટ ઘટીને 46,285.77 પર બંધ રહ્યો હતો. છ સેશનમાં સેન્સેક્સમાં 3506.35 પોઈન્ટ (7.04 ટકા)નો ચૂનો લાગી ગયો છે. ઈન્ટ્રા ડે સેન્સેક્સમાં 1263.20 પોઈન્ટની ઉથલ-પાથલ થઈ હતી. સેન્સેક્સમાં આઠ મહિનાનો સૌથી મોટો 2,593 પોઈન્ટનો સાપ્તાહિક ઘટાડો થયો છે. એનએસઈ નિફ્ટી વધુ 182.95 પોઈન્ટ ઘટીને 13,634.60 પર બંધ રહ્યો હતો. છેલ્લાં છ સેશનમાં નિફ્ટીમાં 1010.10 પોઈન્ટ (6.89 ટકા)નો કડાકો બોલી ગયો છે.

માર્કેટ બ્રેડ્થ નેગેટિવ રહી હતી. બીએસઈ પર 1327 શેર વધીને બંધ રહ્યા હતા, જ્યારે 1587 શેર ઘટીને બંધ રહ્યા હતા. 165 શેર બાવન સપ્તાહની નવી ટોચ પર પહોંચ્યા હતા. 275 શેરમાં ઉપલી સર્કિટ લાગી હતી, જ્યારે 264 શેરમાં નીચલી સર્કિટ લાગી હતી. મિડ કેપ ઈન્ડેક્સ 0.69 ટકા ઘટ્યો હતો, જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ 0.25 ટકા ઘટ્યો હતો.

એફઆઈઆઈની વેચવાલી આક્રમક બની હતી. એફઆઈઆઈએ ₹5930.66 કરોડની નેટ વેચવાલી કરી હતી, જ્યારે ડીઆઈઆઈએ ₹2443.20 કરોડની નેટ ખરીદી કરી હતી.

એશિયાના બજારોમાં પણ જોરદાર કડાકો જોવા મળ્યો હતો. એશિયાના બજારોમાં છેલ્લાં અનેક મહિનાનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો જોવા મળ્યો હતો. વોલસ્ટ્રીટમાં ઊથલ-પાથલની સીધી અસર વૈશ્વિક બજારો પર જોવા મળી હતી. વોલ સ્ટ્રીટમાં રિટેલ રોકાણકારો અને હેજ ફંડ્સ વચ્ચે શોર્ટ પોઝિશન મામલે બબાલ વચ્ચે વોલેટિલિટી વધી ગઈ છે.

દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામને લોકસભામાં આર્થિક સર્વે 2020-21 રજૂ કર્યો હતો, જેમાં આગામી નાણાકીય વર્ષ માટે 11 ટકાનો જીડીપી ગ્રોથનો અંદાજ દર્શાવાયો છે. વી-શેપ્ડ રિકવરીનો પણ ઉલ્લેખ કરાયો હતો. ચાલુ વર્ષે જીડીપીમાં 7.7 ટકા નેગેટિવ ગ્રોથનો અંદાજ મુકાયો છે. જોકે આ સાથે જ ફિસ્કલ સ્લિપેજની સંભાવના પણ દર્શાવાઈ છે જેને કારણે બજારનું સેન્ટિમેન્ટ વધુ ખરડાયું હતું.

સેક્ટોરલ ઈન્ડેક્સ જોઈએ તો 19 પૈકી 16 ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યા હતા. બીએસઈ ટેલિકોમ ઈન્ડેક્સ 2.97 ટકા, ઓટો ઈન્ડેક્સ 2.95 ટકા, ટેક 2.63, આઈટી 2.48 ટકા ઘટ્યો હતો.

દરમિયાન વૈશ્વિક ક્રૂડ ઓઈલ માર્કેટમાં એકંદરે સ્થિરતા જોવા મળી હતી. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ બેરલદીઠ 55 ડોલર આસપાસ ટ્રેડ થતું હતું. ઈક્વિટીમાં ધોવાણ છતાં ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો 9 પૈસા વધીને 72.96 પર બંધ રહ્યો હતો.

#### સ્ટોક્સ હાઈલાઈટ

- **IRFCનું 4% ડિસ્કાઉન્ટમાં લિસ્ટિંગઃ** IRFCના શેરનું શુક્રવારે સવારે ₹25 ભાવે એટલે કે ઈશ્યૂ પ્રાઈસથી 3.84% ડિસ્કાઉન્ટમાં લિસ્ટિંગ થયું હતું. ઈન્ટ્રા ડે 6.53% ઘટીને ₹24.30 થયો હતો, છેલ્લે 4.42% ઘટીને ₹24.85 પર બંધ રહ્યો હતો.
- **ટીવીએસ મોટરઃ** સારા પરિણામને પગલે ઈન્ટ્રા ડે 11.41% ઉછળ્યા બાદ છેલ્લે 5.97% વધીને ₹560.20 પર બંધ રહ્યો હતો.
- **સન ફાર્માઃ** સારા પરિણામને પગલે 3.91% વધીને ₹586.45 પર બંધ રહ્યો હતો.
- **શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સમાં** CLSAએ રેટિંગ અપગ્રેડ કરીને ટારગેટ વધારીને ₹1450 કરતા શેર 16.22% ઉછળીને ₹1291.65 પર બંધ રહ્યો હતો.
- **ડો. રેડ્ડીઝ લેબઃ** સારા પરિણામ છતાં પ્રોફિટ બુકિંગને પગલે શેર 5.69% ઘટીને ₹4598.65 પર બંધ રહ્યો હતો.

## અદાણી પોર્ટસ દ્વારા 10 વર્ષના બુલેટ $50 કરોડ એકઠા કરાયા

**નવગુજરાત સમય** > અમદાવાદ

વિવિધ બિઝનેસ ધરાવતા અદાણી ગ્રુપની પોર્ટસ એન્ડ લોજીસ્ટીક કંપની અદાણી પોર્ટસ એન્ડ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિમિટેડે ('APSEZ') તા.26 જાન્યુઆરી, 2021ના રોજ સફળતાપૂર્વક 10 વર્ષની ગાળાના બુલેટ સિનિયર અનસિક્યોર્ડ 500 મિલિયન યુએસ ડોલર નોટ 3.10 ટકાની ફીક્સ કૂપનથી એકઠા કર્યા છે. આ ઓફરને અભૂતપૂર્વ સહયોગ પ્રાપ્ત થયો છે.



આ ઓફરને વિવિધ બજારો અને ભૌગોલિક વિસ્તારોના મોટા રોકાણકારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે. આ કારણે ઓર્ડર બુક 6 ગણી બીલ્ડ થઈ હતી અને આ વ્યાપને કારણે ફેર વેલ્યુ ધરાવતું પ્રાઈસીંગ થઈ શક્યું હતું. ચાલુ નાણાંકિય વર્ષમાં એપીએસઈઝેડ દ્વારા આ બીજી અને અદાણી ગ્રુપની પોર્ટ વર્ટિકલ કંપની માટે આ ત્રીજી ઓફર હતી અને આ રીતે 1.50 અબજ ડોલરથી વધુ રકમ ઓફર કરાઈ હતી. એપીએસઈઝેડના હોલટાઈમ ડિરેક્ટર શ્રી કરણ અદાણી જણાવે છે કે "વર્તમાન ઓફર એ અમારા કેપિટલ મેનેજમેન્ટ પ્રોગ્રામનો એક હિસ્સો છે કે જેનો ઉદ્દેશ ડેબ્ટ મેચ્યોરિટી લંબાવવાનો અને મેચ્યોરિટી પહેલાં અગાઉથી ડેબ્ટ રિફાયનાન્સ કરવાનો હતો. મજબૂત વૈશ્વિક માંગને કારણે અમે એપીએસઈઝેડના ઈતિહાસમાં અત્યંત સ્પર્ધાત્મક કિંમતે આ ઓફર રજૂ કરી શક્યા છીએ."

## તાતા સ્ટીલને ડચ યુનિટ વેચવા સામે ઝટકો, શેર ઘટ્યો

**એજન્સી** > નવી દિલ્હી

તાતા સ્ટીલને ડચ યુનિટને વેચવા સામે ઝટકો લાગ્યો છે. સ્વિડનની સેબ દ્વારા ટેકનિકલ કારણસર આ સોદો અટકાવી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. એસએસએબી (સેબ) દ્વારા એક નિવેદન જારી કરીને જણાવામાં આવ્યું હતું કે, અમે કાળજીપૂર્વક તાતા સ્ટીલની દરખાસ્તને ચકાસી હતી અને એવા કારણ પર આવ્યા હતા કે આ હસ્તાંતરણ ટેકનિકલ કારણસર મુશ્કેલ છે. આ ટેકનિકલ કારણથી અમે અમારા ઈન્ડસ્ટ્રીયલ પ્લાનને અમલી કરી શકીશું કે કેમ તે અંગે અનિશ્ચિતતા રહી છે. આ સમાચારને પગલે શેરનો ભાવ 3.5 ટકા ઘટીને ₹601ની સપાટીએ બંધ રહ્યો હતો.

નેધલેન્ડમાં ઈજમુદિન ખાતે આવેલા આ એકમને વેચવા માટે વાટાઘાટો ચાલી રહી હોવાનું તાતા સ્ટીલે ગત્ નવેમ્બરમાં જણાવ્યું હતું. યુરોપીયન કમિશને જર્મનીની થાઈસનકુરુપ સાથે મર્જર રોક લગાવ્યા બાદ યુરોપના બિજનેસ અંગે તાતા સ્ટીલ સતત મુશ્કેલીનો સામનો કરી રહી હતી ત્યારે આ નવી વાટાઘાટથી નવી આશા જાગી હતી. કંપની દ્વારા મુશ્કેલીમાંથી બહાર આવવા માટે વધુ પ્રયાસ હાથ ધરાયા હતા.

ડચ યુનિટ ઉપરાંત તાતા સ્ટીલના યુરોપીયન ઓપરેશનમાં યુકેનો પણ સમાવેશ થાય છે. ડચ યુનિટ જે નફામાં રહ્યો છે અને તે વેચીને કંપની યુકેના યુનિટને ટર્નરાઉન્ડ કરવાની યોજના ધરાવતી હતી. નેધલેન્ડ યુનિટની વાર્ષિક ક્ષમતા 75 લાખ ટનની હતી અને તેમાં 10,000 કામદારો રહેલા છે. સેબ દ્વારા એવું નિવેદન કરવામાં આવ્યું હતું કે, આ અંગે ઊંડાણથી કરવામાં આવેલા એનાલિસિસ અને ચર્ચાને અંતે એવા તારણ પર આવ્યા હતા કે અમારા સ્ટ્રેટેજીક માળખામાં આ હસ્તાંતરણ પછી મર્યાદીત સંભાવનાઓ રહેલી છે. આથી તાતા સ્ટીલ સાથેની વાટાઘાટનો અંત લાવીયે છીયે. અમારા ફોસિલ-ફ્રિ ઉત્પાદન સાથે તે બંધબેસતું રહેતું નથી. યુરોપ કાર્બન ફુટપ્રીન્ટ ઘટાડવા પર કટીબધ્ધ છે.

## યશો ઈન્ડસ્ટ્રીઝની કુલ આવકમાં 55 ટકાનો નિકાસ હિસ્સો

**નવગુજરાત સમય** > મુંબઈ

યશો ઈન્ડસ્ટ્રીઝનો ત્રીજો એકમ કાર્યરત બન્યો છે. કંપની બે ઉત્પાદન એકમ ગુજરાતના વાપીમાં ધરાવે છે. અત્યાધુનિક ઉત્પાદન એકમો ન્હાવા શેવા સી પોર્ટથી 200 કિમી અંતરમાં વ્યૂહાત્મક રીતે સ્થિત છે. કંપની સુસજ્જ સુવિધાઓ સાથે આરએન્ડડી સેન્ટર ધરાવે છે. કંપનીએ ડીએસઆરઆઈ પ્રમાણિત આરએન્ડડી સુવિધાઓ માટે ISO 9001: 2008 સર્ટિફિકેશન મેળવ્યું છે. રસાયણ ઉદ્યોગ માટે અત્યંત ચોક્કસ હેતુઓ માટે ઉપયોગ થઈ શકે અને ઉત્કૃષ્ટ માલોના ઉત્પાદનમાં સૂત્રધાર તરીકે કામ કરે તેવી પ્રોડક્ટોની ગુણવત્તા પૂરી પાડવાનું મહત્ત્વપૂર્ણ છે. ઉપરાંત ઉચ્ચ સ્પર્ધાત્મક ક્ષેત્ર માટે ઉદ્યોગોને ઉત્તમ ઉત્પાદન પૂરું પાડવા માટે સતત વિકસિત અને પુનઃવિકસિત કરવાનું મહત્ત્વપૂર્ણ છે. કંપની વર્ષ દર વર્ષ ધોરણે 34 ટકાની કુલ મહેસૂલી વૃદ્ધિ હાંસલ કરી છે, જેમાંથી 55 ટકા આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ થકી આવે છે અને 30 ટકાની મહેસૂલ યુરોપિયન બજાર થકી આવે છે. કંપની 42 દેશોમાં ગ્રાહકો સાથે દીર્ઘ સ્થાયી સંબંધો ધરાવે છે. કંપનીના એકમો પાણીનો ઉપભોગ 50 ટકાથી વધુ ઓછો કરવા તેમજ સુધારિત અનેક પ્રક્રિયાઓ ધરાવે છે અને ટોક્સિક ધાતુના બગાડની ઉત્પત્તિ ઓછી કરવામાં મદદરૂપ થવા તેનાં એકમોમાં પર્યાવરણ અનુકૂળ કેટલિસ્ટોના ઉપયોગની ખાતરી રાખે છે. રસાયણ ઉદ્યોગ આવતીકાલની માગણીઓને પહોંચી વળવા વિકસિત થયો છે. આ ક્ષેત્ર ખાદ્ય અને પેકેજિંગથી લઈ પેટ્રોકેમિકલ ઉદ્યોગ સુધી આશરે 90,000 પ્રોડક્ટોનું ઉત્પાદન કરે છે.

## કંપની પરિણામ

### અસાહી સોંગવાનનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો 143 ટકા ઉછળ્યો

**અમદાવાદઃ** ભારતની અગ્રણી પીગમેન્ટ ઉત્પાદક કંપની આસાહી સોંગવોન કલર્સ લિમિટેડે, 31 ડિસેમ્બર, 2020ના રોજ પૂરા થતાં ત્રીજા ત્રિમાસિક ગાળાના અનઓડીટેડ નાણાંકીય પરિણામોની જાહેરાત કરી છે. ત્રિમાસિક ગાળા દરમ્યાન કંપનીએ 24 ટકાની વૃદ્ધિ સાથે તેની કામગીરીમાંથી ₹7,249.71 લાખની આવક દર્શાવી છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹5,847.54 લાખ હતી. ચોખ્ખો નફો 142.90 ટકાની વૃદ્ધિ સાથે ₹852.69 લાખ થયો છે. બેઝિક અને ડાયલ્યુટેડ શેર દીઠ કમાણી ₹6.95 થઈ છે. કંપનીના સીઈઓ ગોકુલ જયક્રિષ્નાએ જણાવે છે કે "અમે અસાહીને અમારા વૈશ્વિક ગ્રાહકોની ઓર્ગેનિક પીગમેન્ટની જરૂરિયાતો એક જ સ્થળે ઉપલબ્ધ થાય તે માટે સખત પરિશ્રમ કરી રહ્યા છીએ. અમે ખર્ચમાં ઘટાડા માટે પણ સખત પરિશ્રમ કર્યો છે અને એનુ વળતર મળવાની શરૂઆત થઇ ગઇ છે."

### ટાટા મોટર્સનો Q3 નેટ પ્રોફિટ 68 ટકા વધીને ₹2941 કરોડ

ટાટા મોટર્સનો ડિસેમ્બર ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ 67.52 ટકા વધીને ₹2941.48 કરોડ થયો હતો. આવક વધીને ₹75,653.79 કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં 71,676.07 કરોડ હતી. સ્ટેન્ડ અલોન ધોરણે કંપનીની નેટ ખોટ ₹638.04 કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ₹1039.51 કરોડની ખોટ હતી.

### સન ફાર્માનો Q3 નેટ પ્રોફિટ ડબલ વધીને ₹1852 કરોડ

સન ફાર્માસ્યુટિકલનો ડિસેમ્બર ક્વાર્ટરનો નેટ પ્રોફિટ બે ગણો વધીને ₹1852.48 કરોડ થયો હતો. કુલ આવક વધીને ₹8836.78 કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ₹8154.85 કરોડ હતી. કંપનીએ શેરદીઠ ₹5.50નું વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું છે. ભારતમાં વેચાણ 9.4 ટકા વધીન ₹2753 કરોડ થયું હતું. અમેરિકામાં વેચાણ 7 ટકાવધીને 37.4 કરોડ ડોલર થયું હતું.

### IOCનો Q3 નેટ પ્રોફિટ ડબલ થઈને ₹4917 કરોડ

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનો Q3 નેટ પ્રોફિટ 110 ટકા ઉછળીને ₹4916.59 કરોડ થઈ ગયો હતો. કંપનીને ₹2630 કરોડનો ઈન્વેન્ટરી ગેઈન થયો હતો. ગ્રોસ રિફાઈનિંગ માર્જિન બેરલદીઠ 4.09 ડોલર થયું હતું. આવક વધીને ₹1,46,599 કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ₹1,44,835 કરોડ હતી. કંપનીએ શેરદીઠ ₹7.50 ડિવિડન્ડ જાહેર કર્યું છે.


### ડાબરનો Q3 નેટ પ્રોફિટ 24 ટકા વધીને ₹494 કરોડ

એફએમસીજી કંપની ડાબરનો Q3 નેટ પ્રોફિટ 23.72 ટકા વધીને ₹493.50 કરોડ થયો હતો. આવક વધીને ₹2728.84 કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ₹2352.97 કરોડ થઈ હતી.

### બ્લુસ્ટારનો Q3 નેટ પ્રોફિટ 87 ટકા ઉછળીને ₹37 કરોડ

એસી બનાવતી કંપની બ્લુસ્ટારનો Q3 નેટ પ્રોફિટ 87.53 ટકા ઉછળીને ₹36.72 કરોડ થઈ ગયો હતો. જોકે આવક 9.06 ટકા ઘટીને ₹1123.89 કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ₹1235.91 કરોડ હતી.


A TRULY **INDIAN FOUNDRY** WITH A **GLOBAL PRESENCE!**





**GUJARAT INTRUX LIMITED**

CIN : L27100GJ1992PLC016917

Regd. Office : Survey No. 84/P.,17 K.M. Rajkot-Gondal Road, Village : Shapar, Dist. Rajkot-360 024. India

**EXTRACT OF UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON DECEMBER 31, 2020**

(Rupees in lakhs)

| Particulars | Quarter ending 31.12.2020 (Un-Audited) | Year to date figures 31.12.2020 (Un-Audited) | Corresponding 3 Months ended in the Previous Year 31.12.2019 (Un-Audited) | Previous year ended 31.03.2020 (Audited) |
|---|---|---|---|---|
| Total Income from operations (net) | 903.55 | 2515.49 | 1277.04 | 4794.58 |
| Net Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 117.63 | 408.36 | 230.99 | 622.96 |
| Net Profit/ (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | 117.63 | 408.36 | 230.99 | 622.96 |
| Net Profit/ (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | 94.23 | 316.01 | 178.78 | 478.00 |
| Total Comprehensive Income for the period [(Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 94.23 | 316.01 | 178.78 | 474.48 |
| Equity Share Capital | 343.53 | 343.53 | 343.53 | 343.53 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of Previous year) | 4718.74 | 4718.74 | 4468.53 | 4505.79 |
| Earning Per Share (before extraordinary items) (of Rs.10/- each) (not annualised except last column) Basic : | 2.74 | 9.20 | 5.20 | 13.81 |
| Diluted : | 2.74 | 9.20 | 5.20 | 13.81 |
| Earning Per Share (after extraordinary items) (of Rs.10/- each) (not annualised except last column) Basic : | 2.74 | 9.20 | 5.20 | 13.81 |
| Diluted : | 2.74 | 9.20 | 5.20 | 13.81 |

**Notes** :

[1] The above is an extract of the detailed format of Financial Results for the quarter ended on 31.12.2020 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and amendments thereof. The full format of the financial results are available on the website of BSE at www.bseindia.com and on Company's website at www.gujaratintrux.com

[2] This statement has been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind-AS) prescribed under section 133 of the Companies Act, 2013 and other recognized accounting practices and policies to the extent applicable.

**FOR AND ON BEHALF OF THE BOARD OF GUJARAT INTRUX LIMITED**

**PLACE : SHAPAR (Dist. RAJKOT)**
**DATE : 29-01-2021**

**DHIRAJ D. PAMBHAR**
**MANAGING DIRECTOR**
**DIN :- 00187371**

admiracle.com

**GUJARAT INTRUX LIMITED**

**STEEL AND ALLOY STEEL SAND CASTING**

Survey No. 84/P., 17 K.M. Rajkot-Gondal Road, Village: Shapar, Dist.: Rajkot-360 024. India

Phone : 02827-252851/2/3 Fax: 02827-252854 www.gujaratintrux.com



# STEELCAST LIMITED

CIN: L27310GJ1972PLC002033

Regd. Office: Ruvapari Road, Bhavnagar – 364 005

**Statement of Standalone Unaudited Financial Results of the Company for the Quarter & Nine months ended on December 31, 2020**

(Rs. In Lacs Except for EPS)

| Particulars | Standalone Financial Results | | | |
|---|---|---|---|---|
| | Three months ended on 31.12.2020 (Unaudited) | Year to date figures for period ended 31.12.2020 (Unaudited) | Corresponding three months in the previous Financial Year Quarter ended on 31.12.2019 (Unaudited) | Year ended 31.03.2020 (Audited) |
| Total Income from operations | 4,375.27 | 10,225.25 | 4,380.35 | 20,058.88 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 470.06 | 926.40 | 377.46 | 1,703.66 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 470.06 | 926.40 | 377.46 | 1,703.66 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items | 378.04 | 758.80 | 165.49 | 797.75 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 369.90 | 754.72 | 162.44 | 781.37 |
| Equity Share Capital | 1,012.00 | 1,012.00 | 1,012.00 | 1,012.00 |
| Reserves excluding Revaluation Reserves as per Balance Sheet of previous accounting year | - | - | - | 10,777.31 |
| Earnings Per Share (of Rs. 5/- each) (for continuing and discontinued operations) | | | | |
| a) Basic (Rs.) | 1.87 | 3.75 | 0.82 | 3.94 |
| b) Diluted (Rs.) | 1.87 | 3.75 | 0.82 | 3.94 |

**Notes:**

1. The financial results of the Company for the Quarter & Nine Months ended December 31, 2020 have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their respective meetings held on January 29, 2021.
2. The Company's operations at present are confined to only one segment namely "Casting Business".
3. Figures for the Quarter ended 31 December, 2020 are the balancing figures between limited reviewed figures of half year ended on 30th September, 2020 and year-to-date figures upto 3rd quarter ended of the respective financial years.
4. The profitability in the current quarter is somewhat lower compared to preceding quarter mainly on account of steep increase in the cost of inputs. However, the cost increase is to be offset by the expected increase in sale price in near future.
5. The results for the Quarter and Nine Months ended December 31, 2020 are available on the www.bseindia.com and on the Company's website www.steelcast.net.
6. The figures of the previous periods have been regrouped/ reclassified, wherever necessary.

**FOR & ON BEHALF OF BOARD OF DIRECTORS OF**
**STEELCAST LIMITED**
**CHETAN M. TAMBOLI**
**CHAIRMAN & MANAGING DIRECTOR**
**(DIN: 00028421)**

**Date: 29.01.2021**
**Place: Bhavnagar**

SOHAM-BVN